॥ ॐ श्री हरी ॥

શાર્દુલ.

શાર્ંગધર વિઠ્ઠલ વિશ્વપતિ, અક્ષરાતીત અદ્ભૂતા;
જે સાગરમાં શેષશું આસનકરી, મહીવારીપર ઓસુતા.
સદા સેવા કમળાતણી, થાએ છે વાણી ચોમુખે;
જગને ગંજન એ ગુણનીધી, જીતાએ શાથી સુખે ?

મોક્ષમાળા:

ઉભાં ભજન ભાગ ૩ જો.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા,

જયરામ મોડાભાઇ મહેતા દીવા અંકલેશ્વર

આવૃત્તિ ૧ લી — પ્રત ૩૦૦૦.

અમદાવાદ,-શ્રી જૈન "વિદ્યાવિજય" પ્રી. પ્રેસમાં
શા ચુનીલાલ અમથાશાએ છાપ્યો

સંવત ૧૯૬૯. — સને ૧૯૧૩.

કીંમત ૦—૧—૦.

હે પ્રભુ તારી અગાધ લીલાનો કોઇ ભેદ પામી શકયા નથી. તો હું પામરપ્રાણી શી રીતે જાણી શકું !! પરંતુ એટલું સમજું કે ગાડું ગોપાળું તારૂં નામ (ભજન) લેવું !!

પ્રસ્તાવના.

વાંચકવૃંદ-હમારા તરફથી બીજો ભાગ છપાઇ બહાર પડયા પછી થોડી મુદતમાં તે ઘણી ત્વરાથી પ્રસરી ગયો. અને તેથી ત્રીજા ભાગની માગણી થવાથી તૈયાર કરી આપની સેવામાં રજુ કરૂછું.

સદરહુ ભાગમાં મારા અનુમાન મુજબ ઘણી પ્રખ્યાત પામેલી મંડળીઓનાં ભજન લેવાં રહી ગયાં છે, માટે ચોથો ભાગ તૈયાર કરી છપાવવા મોકલી આપ્યો છે, જેમાં, કાનમ, બારાંની તથા પારની મંડળીઓનો સમાવેશ થશે. રાશલીલાનાં, તથા ભજરંગી જેમાં આખા રામાયણનો સાર આવી જાય છે. તે ભજનનો પણ સંગ્રહ કરવામાં આવશે.

બીજા ભાગમા એવું સુચવવામાં આવ્યું હતું કે, ત્રીજો ભાગ તૈયાર થયે ત્રણેની એક ચોપડી બનાવીશુ. પરંતુ સુજ્ઞ જનોની સલાહથી ચોથો ભાગ તૈયાર થયા પછી ચારે ભાગની એક ચોપડી છપાવીશું. જેની કિંમત જુજ છે. સુજ્ઞજનો સદરહુ ચોપડીઓમાં ઘણી ઠેકાણે અશુદ્ધ છે. કારણ કે પ્રુફ સુધરાવવા સારૂ છાપનારા હમારા તરફ મોકલતા નથી. માટે સુધારી છાપી લેશો. જે જે કવીઓનાં પદ લીધાં છે. તેમનો આભાર માનવામાં આવેછે.

લી૦ કર્ત્તા.

ખામોસ.—જરા આ જાહેર ખબર વાંચી બીજા કામ ઉપર પછીથી ધ્યાન આપજો.

કારણ કે—તમારે

કોઇપણ જાતની બુકો-બંધાવવી હોય
દરેક જાતની સ્ટેશનરી-ખરીદ કરવી હોય
કોઇપણ જાતના લખવાના કાગલો લેવા હોય
વળી કોઇ પણ જાતની નાની મોટી ખીસાબુકો જોઇતી હોઇ
તમારે જુના પુસ્તકોને નવા બંધાવા હોય
વળી કોઇપણ જાતના ફેન્સી નોટપેપરો, કવરો,
કંકોતરી માટે ફેશીનેબલ કારડો વગેરે જોઇતા હોય
તો મહેરબાની કરી હમાનો દુકાનના મુલાકાત લેવા ચુકવું નાહ

કારણ કે

હમો દરેક જાતનું બુકબાઇન્ડીંગ કામ દરેક જાતના ચોપડા (વહીઓ) રોજના રોજમેળ, અરજીઆ, ચોથીઆ, નાની પોકેટ ડાયરીઓ, દરેક જાતનો નીશાળને લગતો સામાન, બેહદ સસતા અને કીફાયત ભાવથી વેચીએ છીએ. માટે બીજી દુકાને જવું તે કરતાં પ્રથમ હમારી દુકાનની મુલાકાત લેવી એટલે ખાત્રી થશે.

બુકસેલર તઇએબઅલી કાદરભાઇ.
મારકીટ સામે—**ભરૂચ.**

ઈશ્વર સ્તુતિ.

પરમેશ્વર પત રાખજો મારૂં, વિપત વેળાના વાલારે
પત રાખ્યું તમે મીરાંબાઈનું, કુબજાનું ચંદન લીધુંરે પરમેશ્વર
અહલ્યાની તમે સલ્યા બનાવી, સેવકને સુખ દીધુંરે. પર૦
મગરજ મુખથી ગજ મુકાવ્યો, મુકાવ્યાં મંજારી બાળરે,પર૦
તત્વ તારણ ત્રીભોવન સઉના, અલબેલો અંતરજામીરે પર૦
વ્યાસ વલ્લભની વિનંતિ સાચી, માની લેજો દયાળારે. પર૦

ધનાશ્રી. ૨

મેહેર કરો જગરાય એ દીનબંધુ, મેહેર કરો જગરાય. (બેવાર)
હાથ જોડીને વિનંતિ કરૂં છું, કરજોડીને વિનંતિ કરૂંછું.
હમને તું કરજો સહાય. દીનબંધુ મેહેર કરો. (૧)
અતળ વિતલ સુતળ, તળાતળ, રસાતળ, પાતાળ, એ દિન૦
નારદ, સારદ, શિવ બ્રહ્માદિક, ગુણ તમારા ગાય, એ દિન૦
આપતણી ઓળખ નહિંને, મુરખ જાણીતો જાય, એ દિન૦
અજાણ થઇ ખોળ કરવાને, ચાહે મનુષ્ય તે કેહેવાય. એ દિન૦
સંશોધન કરતા થકી તે, પાપીનાં પ્રાયશ્ચિત જાય. એ દિન૦

રાગ ધનાશ્રી. ૩

ભારી ભરોસો છે તારો, પ્રભુ મને ભારી ભરોસો છે તારો.
આ ભવસિંધુથી પાર ઉતારોરે પ્રભુ૦ ટેક.
લજ્યા પ્રભુ મારી તારે હાથે, બીજો નથી મારે આરો. પ્રભુ. ૧
અંતકાળના બેલી પ્રભુ તું છે, જન્મ મરણથી ટાળો. પ્રભુ૦
કરૂણાસિંધુ કૃપા કરીને, આ માયામાંથી ઉગારો. પ્રભુ૦
ભાવ થકી ભકિત કરૂં તો, ભવસાગર થાય અકારો. પ્રભુ૦
દેવ દયાનિધી દુઃખ દુરીતહર, તું છે મને પ્યારોરે. પ્રભુ૦
શિવશંકર બ્રહ્માદિક પ્રભુ, દાસ જેરામને તમે ઉગારો પ્રભુ૦

રાગ ઉપરનો. ૪

તારા નામ તણો મહીમાય, પ્રભુ તારા નામ તણો મહીમાય. ટેક
તારા ભકતને આધાર તાહરો, વેદમાંહે વખણાય. પ્રભુ૦
જે જે ભકતો પ્રગટયા જગમાં, તેની કીધી તેં સ્હાય. પ્રભુ૦
અમરીશ, ધ્રુવ, પ્રહલાદ, વિભીષણ, સુધન્વા, શિબીરાય. પ્રભુ૦
હરીશ્ચંદ્ર, ને ચંદ્રહાસના, ગુણ અદ્યાપિ ગવાય. પ્રભુ૦
એવી ટેક ધરે જન જેહ, જેથી જગત જીતાય. પ્રભુ૦
રામનામ ભજી લે તું પ્યારે, સઉથી ઉત્તમ કહેવાય. પ્રભુ૦
દાસ જેરામ કહે કરજોડી, તારૂં તે પદ પમાય. પ્રભુ૦

પદ. ૫.

કયાં ગયો પેલો મોરલીવાળો. એ રાગ

હે પ્રભુ તું શંકરસ્વામી, તારી તે આજ્ઞા સાચીરે;
આવરધા પંડીત બન્યા પણ, ભકિતથી નવ ભીંજયારે. ટેક.

ભાગ્યવાન કે ભક્ત હશે તે, ચઢશે નિતિ નાવેરે;
ભવસાગર ખેડીને તેતો, તારી પાસે આવેરે. હે પ્રભુ૦
તારી ભક્તિરસમાં ડુબ્યો, તારી તે પાસે ઉભોરે.
નિર્ભય થઈ નાચે આનંદે, સુખાનો પણ સુખોરે. હે પ્રભુ૦
બ્રહ્મા વિષ્ણુ આદી નામો, તે છે તમો પોતેરે;
કહે જેરામ કરજોડીને, ઘટમાં તુંતો જોતોરે. હે પ્રભુ૦

પદ. ૬.

ગોરી ફોડીરે—એ રાગ.

ઉભા છે જુમના તીરમાં, છબીલા ઉભા છે જુમના તીરમાં;
જળ જુમના જળ ભરવાને ગ્યાતાં, આવી વળગ્યો છે
પળમાંરે છબીલા કાન.
વંદ્રા તે વનમાં મારગ જાતાં, કાંટો ભરાયો મારા
ચીરમાં—છબીલા કાન.
વંદ્રાતે વનમાં રાસ રચ્યો હે, વારી રમાડયા હમણાં. ॥
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણકમળ તમણે ॥

ગણપતિની સ્તુતિ. (૭)

સનીએ નમીએ. એ રાગ.

નમીએ નમીએ હૃદય ધરીને, પ્રથમ દુંદાળાને આ વાર (૨)
અંતર ધરજો દયાજ કરજો, વ્હારે ચઢજો ગણપતિ—નમીએ૦
શિવસુત તમે ગણપતિ કહાવો, આશ્રિતની વ્હારે આવો. ન.
શુદ્ધ બુદ્ધ નારી છેરે તમારી, લક્ષ લાભ પુત્ર બે ભારી. ન.

હરીજન મળી સૌ ગુણુજ ગાઇ, કિર્ત્તિ આપની જગમાં ચાલી. ન.
ગોપાળદાસ કહે બેઉ કર જોડ, હુંદાળા પુરો મનના કોડ. ન.

પદ. ૮

આનાની પત રાખ પ્રભુ તારા આનાની પત રાખ,
આના માટે જો દુઃખ દેશે તો, કોણ પુરે તારી સાખ. ટેક.
રોહીદાસની તમે પાતરી લીધીને, નવ જોઇ જાતને ભાત;
શાને માટે સનમુખ રહીને, નાઇ કહેવાયા હો નાથ. પ્રભુ.
પ્રહલાદનીરે પ્રતીપાલણુ પાળીને, સ્થંભ પુર્યો વાસ. પ્રભુ.
તાતી કળા તમે શીતળ કીધી, સુધનવાને પાસ; પ્રભુ.
પંચાળીના પટકુળ પુર્યાને, રાખી સભામાં લાજ;
સાગરમાંથી બુડતો રાખ્યો, રામ કહેતાં ગજરાજ. પ્રભુ.
ઝેર હતાં તેનાં અમૃત કીધાંને, આપ્યાં મીરાને હાથ;
મેહેતાને મંડળીક મારવા આવ્યો, ત્યારે કેદારો લાવ્યા
મધરાત. પ્રભુ૦
ભકતોનાં તમે સંકટ ભાગ્યાં, ત્યારે દ્રઢ આવ્યો વિશ્વાસ;
તુલસીના સ્વામીને કરજોડી જે, પુરો અંતરની આશ. પ્રભુ.

પદ ૯

ખાંત કરીને કાઢયું ખોળીરે, જુઠાંની ટોળી,
પથરો પાણીમાં તરે, સસલો સમુદ્ર ફરે;
દરા માંહે ડુબ્યો ધોરીરે, જુઠાંની ટોળી. ખાંત.
બાપ તો પરણુવા ચાલ્યો, દીકરો જાનમાં તૈયાર થાય.

માની આગળ રાખ્યુ ચોરીરે. ખાંત.
કાગ હંસના ઘરમાં પેઠો, હંસલીને લઇને બેઠો;
રાજાને ઘેર ચાલ્યો દોરીરે, જુઠાંની ટોળી. ખાંત.
મન કરમે કાયા થઈ, માના ઉદરમાં ઉંઘી રહી;
કુબેર કહે કોઇ સુણો મોરીરે, જુઠાંની ટોળી. ખાંત.

પદ ૧૦

એરે પ્રભુનું નથી અજાણ્યું; મન માને ત્યાં મ્હાલો, મારા વાલા
કરશો તો ભોગવવું પડશે, માટે વિચારીને ચાલો; ॥
પુનરે પાપના બેરે મારગ છે, મન માને તે ઝાલો; ॥
હરીને ઘેરતો હીસાબ હકછે, તેનાતે ભયથી ચાલો ॥
બાઇમીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણકમળ ચિત્ત લાવો.મારા.

પદ ૧૧

મુખડા કયા દેખે દરપનમેં.—એ રાગ.

કંઇક કરમનો કરનારો, તે શરણ તમારે આવ્યોરે;
મહાજાળમાં બાંધી નાંખ્યો, હવે હરી છોડાવોરે. કંઇક.
પાપ કરતાં પાછું ન જોયુ, હરીનું નામ હું ભુલ્યોરે;
દુરીજનની સંગત મેં કીધી, દેવાળામાં ડુલ્યોરે. કંઇક.
અનાથ જંતુ રાંક બાપડા, તેમાં મેં કીધા વાસરે;
લખચોરાશી ફેરા ફરતા, કરી મુક્તિની આશરે. કંઇક.
સોનું રૂપું જંતર મંતર, તંતર મારે તું છે રે;
આ દુનીયામાં નથીજ ગમતું, મરવા આતુર હું છુંરે કંઇક.

નામતણો મહીમા મોટો છે, કઇક પાપી નર તાર્યારે;
એવું જાણીને દાસ કલ્યાણે, પ્રભુ પ્રેમે પોકાર્યો.રે. કંઈક.

પદ ૧૨

હળવે હળવે હળવે હરજી, મારે મંદીર આવ્યારે;
મોટે મોટે મોટે મેંતો, મોતીડે વધાવ્યારે
કીધું કીધુ કીધું મુજને, કાંઇક કામણ કીધુંરે;
લીધું લીધું લીધું મારૂં, ચિત્તડું ચોરી લીધુંરે. હળવે.
જાગી જાગી જાગી હુંતો, હરીમુખ જોવા જાગીરે. હળવે.
ભાગી ભાગી ભાગી મારા, ભવની ભાવટ ભાગીરે;
ફુલી ફુલી ફુલી હુંતો, હરીમુખ જોવા ફુલીરે. હળવે.
ભુલી ભુલી ભુલી હુંતો, સારો ઘરનો ધંધો ભુલીરે;
પામી પામી પામી હુંતો, મહાપદવીને પામીરે. હળવે.
મળ્યો મળ્યો મળ્યો મ્હેતા, નરસઈયાનો સ્વામી. હળવે.

પદ ૧૩

ગોવિંદ ગુણ ગાઇ લ્યો મન ઘેલા, તમે થાઓને પ્રથમ પેહેલાં.
હરી ગુણ ગાઓને પ્રથમ પેહેલા. ગોવિંદ.
કાયા પાણીનો પરપોટો, અંતે એ ભરોસો ખોટો;
જુગમાં હરીજશ છે મોટોરે. ગોવિંદ.
મન તું મારૂં મારૂં કરતો, સગાં સબંધી સાથે લડતો,
તુંતો હીંડે છે રડવડતોરે. ગોવિંદ.
જીવ તારી માત પીતાને ભ્રાત, કાઇ આવે નહિં સંગાત;
ક્ષણમાં થઈ જાશે પરભાતરે. ગોવિંદ.

એવી વૈષ્ણવ જનની રીત, કરી લે શામળીયાશું પ્રીત;
ભકત ભોવન કહે હરી ભજીને, જીત જીતને જીતરે. ગોવિંદ.

પદ ૧૪

જનુનીને ઓદર અવતારજ લઇને, જરૂર ખોયો જનમારોરે,
ન ખરચાયું ન વવરાયું, ના લેવાયો જશ હાથેરે, જનુની
ખાધું પીધું ને ખલાશ કીધું, માનુની માયામાં મોહયોરે, જ.
ભરી સભામાં દ્રૌપદી સતીનાં, પ્રેમે પુર્યાં ચીરરે. જનુની
સવરીનાં બોર વિદુરની ભાજી, પ્રેમ કરીને ખાધીરે; જનુની
વ્યાસ વલ્લભની વિનંતી સારી, માની લેજો દયાળારે જનુની

પદ ૧૫

મહી ઢળે છે મારા મોહનલાલ મહી ઢળે છે મારાં;
લાખ બે લાખનું માટ ન દાસે, શોભીતાં છે સારાં. મોહનલાલ.
તમે વનમાળી ન કરો યારી, હમો છો વહુવારૂં. મોહન.
કુલ પડે તેની ચૌદશ ગુથું, લોક બોલે છે આડું. મોહન.
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણકમળ ચિત વારૂ. મો.

પદ ૧૬

રૂડી શરદ પુનમની રાત, સુંદીર વેણુ વાગેરે.
મારો વાલોજી રમ્યા રાસ, સુંદીર વેણુ વાગેરે;
વાલે નટવર ધર્યો વેશ; „
મોતી મુકતે ફૂળ વધાવે; „
એનાં ગુગરીઆળા કેશ; „
ગોપી અતી ઉતાવળી આવે; „

દેહની શુદ્ધ બુદ્ધ સઘળી વિસારી; „
જોઈ નિરખ્યા તે શ્રી વનમાળી; „
ગોપી આવ્યાં તે પુરી જનનાં પ્રીતે; „
જઈ મળ્યાં તે રંગની રીતે, સુંદર વેણુ વાગેરે.

પદ. ૧૭

હું તો હરી જોવાને ગઈતી જમુના ઘાટમાંરે, હું પ્રભુ જોવાને.
સામળીયાનો સંગ થયાથી જીવજ મારો ચોંટી રહ્યો;
વાલા મેલ્યું કામણુ નાંખી જંજાળમારે. હું તો.
સામળીયાનો સ્વર સુણીને, હું ભરવાને ગઈતી પાણી;
વાલા બોલતી કોયલ, દીઠી કદમના ઝાડમાંરે. હું તો.
પ્રભુજી નવ જોયા જયારે, હું ઓશીઆળી થઈ ગઈ ત્યારે;
વાલા ફટકણુ થઈને ફરવા લાગી ફાળમાંરે. હું તો.
ફટકણુ થઈને ફરવા લાગી, અરધું બેડુ ભરી લાવી;
વાલા વીશરી ઉઘણી, ગાળ્યું અગરખાની ચારમાંરે. હું તો.
સામરીએ મો જોતાં જાણી, કુડી વાત હમારી સુણી;
વાલા તોએ ન સમજી એમના સાનમારે. હું તો.
ઘણા ઘણુંતો થઈ ગઈ ઘેલી, ધુપેલનો પ્યાલો મેલી;
વાલા લીધું દીવેલને, વાર્યું મારા વાળમાંરે હું તો.
વાલો વલ્લભનો સ્વામી, તેને હું સ્વપ્ને ન પામી;
વાલા તે દહાડાની રહું છું, વિકાળમાંરે. હું તો.

પદ. ૧૮

ભરમાવી દુનિયા ભોળીરે, ચાલ્યા બાવો ભભુતને ચોળીરે;

દોરા ધાગાને વળી ચીઠી કરીને, આપે ગુણકારી ગોળી;
જીવને હણુતાં દયા ન જાણે, જેવા ભીલ કાફર કોળીરે. ભર૦
નિત્ય નિત્ય દરસન નિયમ ધરી આવે તરીયાની ટોળી;
માઇમાઇ કરી આવો માન દીયેને, હઇએ કામનાની હોળીરે; ભ૦
સઘળા શિષ્ય ભેળા કરીને, ખાય ખીર ખાંડને પોળી.
ભોજો ભગત કહે ભવસાગરમાં, આવે માર્યો બોળીરે. ભર૦

પદ. ૧૯

કયાંથી આ સંભળાય મધુર સ્વર. એ રાગ.

તારણહારો રામ, અબ તો મુને તારણહારો રામ;
તારણહારો હરનીશ તારશે, જેને જપે આઠે જામ. અબ૦
વૈકુંઠવાશી એ અવિનાશી, પુરણ કરશે મન કામ. અબ૦
ચંદ્રહાસને લીધો ઉગારી, મુખમાં વસ્યા ઘનસ્યામ. અબ૦
નરસૈયાની હુંડી સ્વિકારી, શામળશા ધર્યું નામ. અબ૦
ગોપાળદાસના સ્વામીને ભજતાં, પહોંચે વૈકુંઠ ધામ. અબ૦

પદ. ૨૦

પરમેશ્વર પત રાખો હમારી.

પરમેશ્વર સૂણો અરજી હમારી, પ્રીતે દેવ મોરારીરે;
અરજી સુણી તમે મીરાંબાઇની, વિષ પીધું ગીરધારીરે;
લાખાગૃહથી પાંડવ રાખ્યા, ભકતોની ઓળખ ધારીરે પર૦
સાગરને બુડતો રાખ્યો, ગજ અગ્નિથી બાળ મંઝારીરે;
તેલ કઢા તમે ટાઢી પાડી, સુધન્વા લીધો ઉગારીરે. પર૦
ધના ભકતની ખેતી વાવી, કરમાની ખીચડી ખાધીરે;

વિદુરજીની ભાજી ખાધી, દુષ્ટના પકવાન ત્યાગીરે. પર૦
સેનાભકતની ચાકરી કીધી, નરસૈયાની હુંડી સ્વીકારીરે;
ગોપાળદાસના સ્વામીને ભજતાં, ઉતરશે ભવ પારીરે. પર૦

પદ. ૨૧
ગીરધારીનો રાગ.

મોરારીરે ધ્યાન ધરૂં એક તારૂં, તેથી શાન્ત થાયછે ચિત્ત મારૂં.રવાર

ઝુલ.

અવનીતલમાંરે, તુંછે જોને ભારે; અન્ય દેવ નહિ કોઇ વારે.
સત્ય તું છેરે, એક ગોવરધનધારી; તારી આશા છે મને ભારી. મો૦
પ્રભુ સાચુંરે નામ તમારૂં એક, એવી મનમાં રાખે પુરી ટેક;
એવું સમજીરે જે જન કરે સેવા, તેનાં પાપ નિવારણુ થાવા. મોરારી
પ્રભુ મારારે આ સંસાર છે ન્યારો, તેમાં આધાર છે એક તારો;
માટે વિનવુંરે પ્રભુ પાર ઉતારો, દાસ જેરામને તમે તારો. મોરારી.

પદ. ૨૨

અંત સમાનો તું બેલી, પ્રભુ મારો અંત સમાનો બેલી;
સાચવજે મારી ઘડી તું છેલી, પ્રભુ મારો અંત સમાનો બેલી ટેક.
ઓસડ વેસડ આવી રહેશે, જે દુનીઆ મેહેલશે ઠેલી;
તે સમે ઓ પ્રભુ તારા વિના, હશે ઓથ ન રહેલી. હરી.
આસું વિલાપથી અળગાં રહીને, સઘળાં સગાં મારાં રડશે;
કલેશ કરી મને કલેશ ઉપજાવી, વહાલાં વેરી થઇ પડશે. પ્રભુ.
તે સમે માયા થકી મન મારૂં, ઓ પ્રભુ વેગળું તું કરજે;

આનંદરૂપ પ્રભુ ઉર લાવીને, વિઘ્ન સમયે વહારે ચહડજે પ્રભુ.
જીવની જેહ ગતી સારી, તે ગતિ મારી તું કરજે;
આ પામર દાસતણી દીનવાણી, મહેર કરી મન ધરજે. પ્રભુ.

પદ. ૨૩

હાંરે વિઠ્ઠલ વગાડી વાંસળી, ઉભા જુમનાને તીરરે. હારે વિઠ્ઠલ.
વંદ્રાતે વનમાં ગાજી રહ્યા છે, કાંઇ વાગે છે જુમનાને તીરરે.
મોહ્યા મોહ્યા મુનીવર દેવતારે, અરે મોહ્યા ચૌદ ભુવનના
લોકરે. વિઠ્ઠલ.

હાંરે ગીરી પર્વત તુટી પડયારે, હાંરે બહુ થયોછે ઉત્પાતરે. વિઠ્ઠલ.
કરજોડીને ગોપીઓ કહેછેરે, હાંરે પુરો મનડાના કોડરે. „
એવું સુણીને શ્રીહરી બોલ્યારે, હારે જાઓ તમારે ઘેરરે; „
હાંરે વાલા પીઉને હમે ઘેર છોડયારે, હાંરે તન તમારી પાસરે „
હાંરે પ્રભુ લીલા દેખાડો આપનારે, હાંરે પુરો અમારા કોડરે „
હાંરે વાલો અમર થઇ અમરવેલીરે હારે ધનધન ભગવંતરે „
હાંરે ત્યારે મોરાર સુત એમ વિનવેરે, હાંરે અવિચળ નામરે „

પદ. ૨૪

રામ બાણે વાગ્યાં હોય તે જાણે, ઠરીને બેસે ઠેકાણે (બેવાર)
ઓલ્યા મુરખ મનમાં શું આણે. ટેક.
ધ્રુવને વાગ્યાં પ્રહલાદને વાગ્યાં, તેતો ઠરીને બેઠા ઠેકાણે. રામ.
ગર્ભવાસમાં શુકદેવને વાગ્યાં, એતો વેદવચન પ્રમાણે. રામ.
મોરધ્વજ રાજાનું મન હરી લેવા, હરી આવ્યા તે ટાણે;

લઈ કરવત મસ્તકપર મેલ્યું, તેતે પત્ની પુત્ર બેઉ તાણે; રામ.
મીરાંબાઈપર ક્રોધ કરીને, રાણાજી ખડગજ તાણે;
વિખના પ્યાલા ગીરધરલાલ આરોગ્યા, એતો અમૃતને ઠેકાણે રામ.
નરસીંહમેહેતાની હુંડી સ્વીકારી, ખેપ ભરી ખરી ટાણે;
આગળ સંત અનેક ઓધાર્યા, એવો ધનોભગત ઉર આણે રામ.

પદ. ૨૫

મુખડાની માયા લાગીરે, મોહન તારા મુખડાની. ટેક.
મુખડું મેં જોયું તારૂં, સરવે જુગ થયું ખારૂં;
મન મારૂં રહ્યું ન્યારૂંરે, મોહન તારા. ૧
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું;
તેને ઘેર શીદ જઈએરે. મોહન તારા. ૨
સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું;
તેને તુચ્છ કરી ફરીએરે, મોહન તારા. ૩
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સોભાગ મારો,
રાંડવાનો ભય ટાળ્યોરે, મોહન તારા. ૪
મીરાંબાઈ બલીહારી, આશા એક મને તારી;
હવે હું તો બડભાગીરે. મોહન તારા. ૫

પદ. ૨૬

વનમાળી વનમાળી, વીઠલવર વનમાળીરે;
અઢારક્ષોણી તમે દળ વરતાવ્યું, દીંટોડી મેલી તમે ગારી; વિઠલ.
ચક્ર ધર્યું તમે ભીષ્મને માટે, તેની પ્રતિજ્ઞા પાળી; વિઠલ.

રાસ રમ્યાને રંગ રમાડયા, તેડી તે વૃજ ' નારી. વિઠ્ઠલ.
પ્રહલાદને તમે બળતો ઉગાર્યો, રાય કસને સંહારી વિઠ્ઠલ.
મંજારી બચ્ચાં નીભામાં બચાવ્યાં, રામ નામ સંભારી. વિઠ્ઠલ.
કહે નરભેરામ ગુરૂ પ્રતાપે, સુખની સીમા વાળી. વિઠ્ઠલ.

પદ. ૨૭

રામ રટણુમાં સારછેરે, ભાઇઓ રામ રટણુમાં સારછે;
મનુષ્યદેહ પામીને રામ વિસાર્યા, ધીક તેનો અવતારછેરે.ભાઇઓ
મનુષ્યદેહ પામીને સમરણ ભૂલ્યો, તેની કલ્યાણુની વારછેરે ભા.
કુસંગ કુનારનો સંગ કર્યાથી, જમનો મોટો મારછેરે,
લક્ષ ચોરાશીના ફેરારે ફરતાં, મનુષ્યદેહ છેલ્લા વારછેરે. ભા.
કહે નરભો ગુરૂ પરતાપે; રામ રટયાથી પાર છે. ભાઇઓ

પદ. ૨૮

લેને લેને લહાવ, જીવને જોતાં નહિં જડે;
જોતાં નહિં જડે, જીવને ખોળ્યાં નહિં મળે; લેને લેને.
કસ્તુરીને કેવડો લઈ, તેલમાં તળે;
આવો રૂડો મનખો મેલી, ભુતમાં ભમે; લેને.
મોતી સરખો દાણો લઇ, ઘટીમાં દળે;
બાવળીઆનું બીજ વાવે, આંબો નહિં ફળે. લેને.
સંત બોલાવે બોલતો નથી, અભિમાનમાં ફરે;
મારી ધકકે આગળ કરશે, વેઠે ભાર ભરે; લેને.
માંહે તને ઘોળી ઘાલશે, સોધ્યો નહિં જડે;
નરભેરામના સાથમાં તો, પાછો નહિં ફરે. લેને.

પદ ૨૯

વનમાં ભુલી પડીરે પેલો ક્યા ગયો કાનુડો—એ રાગ.

સત્ય પ્રભુ મળ્યારે, એતો સત્ય નિરંજન દેવ;
મિષ્ટ વચન ગુરૂદેવનાંરે, તેનો વીરલા જાણે ભેદ. સત્ય.
ગુરૂથકી પ્રભુ ઓળખ થઇને, સેજપણે અવધુત;
પ્રભુ સાથે નહિં જોજના, અને પડશે નહિં પંચભૂત. સત્ય.
અખંડ જગત પ્રભુમાં રહેને, પ્રભુ રહે નિરધાર;
અન્ય અસ્તિ નહિં પ્રભુ તણીરે, રહે પારંપાર. સત્ય.
એ આશ્ચર્ય ગુરૂ (પ્રભુને) ઘણું, જે અરપીને આલીંગન;
સ્વભાવે સાક્ષી સ્વયં સદાને, પ્રતીબીંબે પંચરંગ. સત્ય.
સામર્થ સઘળે રહેને, સ્વ રહે સંત પાસ;
ત્યાં મેળાવો અખા મ્હારો, આપ મળ્યા અવિનાશ. સત્ય.

પદ ૩૦

આનંદ અંગ ન માય ભોળા શંભુ આનંદ અંગ ન માય,
દરશનથી દુઃખ જાય, ભોળા શંભુ આનંદ અંગ ન માય;
ભુલોકની આપ વહારે ચઢીને, ગામોગામ સેવના થાય. ભોળા.
ગામેગામે સ્થાપના થયાથી, લોક કૃતાર્થ સર્વ થાય. ભોળા.
નગરવાશી તો પ્રીત કરીને, ઘણે સ્થળે લઈ જાય. ભોળા.
કોટે રૂઢમાળા માથે જટા છે, અંગે ભભૂત ધરાય. ભોળા.
રક્ષા માટે છત્ર ધરાય, પોઠીઆનું પલાણુ થાય. ભોળા.
શીરછત્ર છો મૃત્યુલોકના, કોપો તો પ્રલય કહેવાય. ભોળા.
દાસ જેરામની વિનંતિ એવી, રાખો રૂદીઆ માંય. ભોળા.

પદ. ૩૧

નંદલાલા નહિં આવું ઘેર કામ છે, તુળસી માળામાં સ્યા-
મછેરે. વાલા નંદ

ગાયનું દુજાણું મારે ભેંસનું દુજાણું, મઇડાં વલોવવાની
હામ છેરે. વાલા નંદ૦

વંદ્રાવનમાં તે રાસ રચ્યોહે, ગોપીઓને ઘેર ઘેર હામછે વાલા નંદ૦

વંદ્રાતે વનની કુંજગલનમે, સોળસે ગોપીઓઅને એકકાનછે.વાલા

બાઇમીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણકમળ ચીત્ત હામછે.
વાલા. નંદ.

પદ. ૩૨

હારે લાલ ડંકા વાગ્યા તારા દેશમારે, હારે ભારી ભક્તિ વસાવી
બાળા વેશમારે. લાલ ડંકા—૧

હાંરે લાલ નોબત વાગી હરી તારા નામનીરે;
એતો તીરથવાશીને કામનીરે. લાલ ડંકા. ૨
હાંરે લાલ ભુખ્યાંને આપે લાડવારે;
બાલો ઘીના ભરાવે ગાડવારે. લાલ ડંકા. ૩
હાંરે લાલ ગાયો ચારે ગોવીંદનીરે;
હાંરે ત્યાં લીલા બને આનંદનીરે. લાલ ડંકા. ૪
સંવત ૧૯૦૩ ની સાલમારે;
વાહલે પડતો બતાવ્યો વૈતાલરે. લાલ ડંકા. ૫
કરજોડીને દેવીદાસ બોલીઆરે;
મારા અંતરના પડદા ખોલીઆરે. લાલ ડંકા. ૬

પદ ૩૩

માથે ફ્રોપી રહ્યોછે કાળરે ઉંઘ તને. એ રાગ.

આભડસેટમાં ખુડયું બધું અંગ, સારૂ થાય શી રીતે.
નથી નહાતો ગોદાવરી કે સંગરે. સારૂ થાય શી રીતે.
દેવ મંદીરમાં નથી કર્યા દીપરે ॥
નથી કરતો તું ટેલીયાની ટીપરે. ॥
નથી ચપટી કરાવ્યાનો ચાલરે. ॥
ખાવા તાકે મફતના માલરે. ॥
દેવ દરશનનું નિત્ય નથી નેમરે. ॥
આખી પૃથ્વીનાં વહોરી લીધાં વહેમરે. ॥
નથી વાપરતો દેવ નીવેદ્યરે. ॥
નથી વાપરતો વીપ્રની વીસુધરે. ॥
નથી દીધાં તીરથમાં દાનરે. ॥
નથી આપ્યાં અતિથીને માનરે. ॥
નથી કરતો તું ખળાની ખેરાતરે. ॥
ઋષિરાજની ન રાખે રૂદે વાતરે. ॥

પદ ૩૪

રામરસ મીઠાહે મેરે ભાઈ, સાહેબ રસ એસાહે મેરે ભાઇ.
કુંભકા બાંધ્યા જલ રહે, જલ વિના કુંભ ન હોય;
(એમ) જ્ઞાને બાંધ્યા મન રહેરે, ગુરૂવિના જ્ઞાન ન હોય. રામ
આગે આગે દવ જલેરે, પીછે હરીયા હોય;

હું બલિહારી એ ઋખનેરે. જડરે કટચે ફળ હોય. રામ.
મીઠા મીઠા સૌ પીવે કડવા ના પીવે કોઇ;
(પણ) શાકર પીધે દુઃખ ઉપજેરે, વીખ પીધે સુખ હોય. રામ
ઘર બાળ્યે ઘર ઉગરે, ઘર રાખ્યે ઘર જાય;
એક અચંબા મેં સુણ્યા જે, મડા કલિકું ખાય. રામરસ.
કબીરે કબીરા ઘર જાલીઆરે, લીયા પલીતા હાથ;
તમરે તમારા ઘર જલાદો, ચલો હમારે સાથ. રામરસ.
સાહિબકા ઘર દુરહેરે, લંબે પાન ખજુર;
ચડે સો ચાખે પ્રેમરસ, ઓર પડે સો ચવાચુર. રામરસ.
પીયા સો અમર હો ગયારે, પીવે સો અમર હોય;
સુરીનર મુનીવર જે પીવે, વાંકે ધડ ધર શીર ન સોય. રામરસ
મીસરી વેરાણી રેતમાંરે, કુંજ રસે ચુંગી ન જાય;
મમતા મારો સંત આપકી, સો કીડી હોકર ખાય. રામરસ
ધ્રુવે પીયા પ્રહલાદે પીયારે, પીયા પંપો ને રોહીદાસ;
દાસ કબીરે જુગતે પીયા, જેને ફેર પાવન કેરી આશ. રામ.

પદ ૩૫

હો અબદુત એશો જ્ઞાન બિચારી, વામે કોણ પુરૂષ કોણ નારી. ટેક
બ્રાહ્મણકે ઘર નાતી ધોતી, જોગનકે ઘેર ચેલી;
કલમા પઢ હુઈરે તુરકડી, તો આપે એકીલી. હો અબધુત.
નહિં પરખેલી હુંતો નહિં કુંવારી, પુત્ર જણુ જણુ હારી;
કાળી મુડીકા કોઇ કોઇના છોડયા, તો હજીએ બાળ કુંવાંરી. હો.

સસરો અમારો બાળોરેભોળો, ને સાસુ બાળ કુંવારી;
પરણ્યો હમારો પારણે ઝુલે, તો મેરે ઝુલણહારી. હો
બ્રહ્મા વિષ્ણુ શંકર દેવા, એ તીનુંકી મેં જાઇ,
એ તીનુંકે ઘેર ધણીઆણી, તો વે તિનકું ગોદ ખેલાઇ. હો
નહિં જાઉં સાવરીએ ને નહિં જાઉં પીયરીએ, સ્વામીકી
સેજ સમાઇ;
કહેત કબીરા સુનો મેરે સાધુ, તો જોતમાં જોત મીલાઈ. હો

પદ ૩૬

ગઉચારી ઘેર આવે વાલોજી મારો ગઉચારી ઘેર આવે. ટેક
હાથમાં લાકડીયાં ને ખભે કામળીયાં, મીઠીસી મોરલી બજાવે. વ.
ગલે કુજનહાર મનોહર શોભે, મોર મુગટ શીર સોહે. વ.
સ્વામી તણી સુંદરતા જોઈ જોઇ, વૃજવિનતા મન મોહે. વ.
કુમકુમ કેરા છાંટા છંટાવું, મોતીડે ચોક પુરાવું. વ.
નરસીંહના સ્વામી મંદીર પધારે, શેરીયે તે પુલડાં વેરાવું. વ.

પદ ૩૭

હરી ભજવાનું ચોઘડીયુંરે તે ફરી ફરી કયાં મળશેરે;
ચોંપ કરીને ચેતી લેજો, ભવના તારણ તરશોરે. હરી.
મનુષ્યા દેહ તો મટી જશેને, પશુ પંખી અવતરશોરે;
વરણાગીમાં વાટજ ઉઠશે, કઇ ખાણે રવડશોરે. હરી.
દુઃખ લાગે તો વેહેલું લાગો, ઉંઘે ઉંધું ચાલ્યુંરે;
માને ઓદર શું બોલ્યો તો, શું બોલ્યો શું વાળ્યુંરે. હરી.

જોબન જાશેને જરા આવશે, નેન નાશીકા ગળશેરે;
સગાં સ્નેહી સુખનાં બેલી, અંતે અળગાં રેહેશેરે. હરી.
હરી નામ તો હારી બેઠો, વીખીયામાં વીટાયોરે;
આ અવસરનો રૂડો કરાએ, પાપ ન કરશો પ્રાણીરે. હરી.
સુખે દુઃખે રામ ભજી લો, સાંભળો સારંગ પ્રાણીરે;
કલ્યાણ કહેતે કહ્યુંરે ન માને, પથરા ઉપર પાણી. હરી.

પદ ૩૮

મન તું શિદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોયતે કરે. ટેક
સ્થાવર જંગમ જડ ચૈતનમાં, માયાનું બળ મરે;
સ્મરણ કર શ્રી કૃષ્ણનું. જન્મ મરણ જાય હરે. પ્રભુને ક.
નવમાસ પ્રાણી શ્રી પ્રભુનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું, ત્યારે લખ ચોરાસી ફરે. કૃષ્ણને.
તું અંતર ઉવેગ ધરે, તેથી કારજ શું શરે;
ધણીનો ધાર્યો મનસુબો, હર બ્રહ્માથી નવ ફરે. પ્રભુને.
દોરી સરવની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવા જંત્ર વજાડે જંત્રી, તેવો સ્વર નિશરે. કૃષ્ણને.
થનાર વસ્તુ થયા કરે છે જેમ શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણીપેર જાશે, જેમ ગજ કોઠુ ગળે. કૃષ્ણને.
જેનું જેટલું જે જયમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહિ કોઇથી, શીદ કુટાઇ મરે. કૃષ્ણને.
તારૂ ધાર્યું થાતું હોય તો, સુખ સંચે દુઃખ હરે;
આપણનું અજ્ઞાનપણું એ, મૂજ વિચારે ખરે. પ્રભુને.

થવાનું અનુચિતઝુંથાશે, ઉપનિષદ ઓચરે;
શખ્ય ભરોસો રાધાવરનો, દયા શીદને ઠરે. પ્રભુને

પદ ૩૯

જાવુંછે મરીરે મન જાવુંછે મરી, રામને ભજીલે મન જાવુંછેમરી.ટેક.
પ્રભુને ભજી લે મન જાવું છે મરી,
મેડી મંદીર માળીઆં તારાં જાશેરે પડી;
કાચી કાયાનું સ્થળ બંધાણું, જાણે ધુળની ઉડીરે ઘડી. રેમન.
સગુ કુટુંબ તારૂં લુટવા લાગે, કાનની કડી,
કાઢો કાઢો એને શહુ કહે, હવે રોકમાં ઘડી. રેમન.
પુલને ઘોડે પુલી રહ્યા છે, જાણીએ ગરથમાં ગળી;
જમડા આવશે જીવ લેવાને, પછી ભાંગશે સરવે મળી. રેમન.
સાધુની શંગ ગુરૂની સેવા, ઇ વાત છે ખરી;
દાશ જીવણ સંતો ભીમકેરે ચરણે, જન્મ મરણ જાયે ટળી. રેમન.

પદ ૪૦

જુનું થયુંરે દેવલ જુનું થયુંરે, મારો હંસલો નાનોને દેવલ જુનુંરે થયું.
આરે કાયા હંસા ડોલવા લાગી, દાંતગયાને માંહે ખુરીયા માંરે;
આરે કાયા હંસા ડોલવા લાગી, ગયો હંસને પીંજર પડી રહ્યુ. મારો
તેવ તેવડીરે હંસા મળી ગોવાલણ, તેથી શું મારૂ મનડું મોહી રહ્યુ.
મીરાંકહે પ્રભુ ગીરધરના ગુણ, પ્રેમના પ્યાલા તમને પાઇને પીઉ. જુનુંરે થયું.

પદ ૪૧

તારા મનમાં જાણે છે મરવું નથીરે,
એવો નિશ્ચય કર્યો નિરધારરે;

તેમાં ભુલી ગયો ભગવાનનેરે. ટેક.
ધન દોલત નારીને ઘણા દીકરારે;
ખેતીવાડી ઘોડીને દરબાર. તેમાં ભુલી.
મેડી મંદીર ઝરૂખાને માળીઆંરે;
સુખદાયક સુંદર પલંગ. તેમાં ભુલી.
ગાદી તકીઆને ગાલ મશુરીઆંરે;
અતિ આડ કરે છે એજ. તેમાં ભુલી.
નીચી ખાંધ કરી નમતો નથીરે;
એવું સાધુ સંગાતે અભિમાન. તેમાં ભુલી.
વનમાળી મોહનજીની મુરતીરે;
તેની સાથે ન લાગેલ તાન. તેમાં ભુલી.
પાપ અનેક જનમનાં આવી મળ્યાંરે;
તારી મતી મલીન થઇ મંદ. તેમાં ભુલી.
દેવાનંદના વહાલા વીસરી ગયોરે;
તારે પડયો ગળે જેમ ફંદ. તેમાં ભુલી.

પદ ૪૨.

તારે માથે નગારાં વાગે મોતનાંરે,
નથી એક ઘડીનો નિરાધાર, તોયે જાણ્યા નહિં જગદીશરે; ટેક
મોટા મેલીને રાજ મરી ગયારે, જોને જાતાં ન લાગી વાર. તોયે.
તારૂં જોબન ગયું જખ મારતુંરે, માથે કાળા મટી ગયા કેશ „
અંતઃકાળે લેવાને જમ આવીઆરે, તેનો ભારી ભયંકર વેશ „

રોમ કોટી વીંછુ તણી વેદનારે, દુઃખ પામ્યો તું દેવના ચોર ,,
સગાં સ્વાર્થી મળ્યાં સૌ લુંટવારે તેનું જરાએ ન ચાલે જોર ,,
જીભ ટુંકી પડીને તુટી નાડીઓરે, થયું દેહ તજ્યાનું તત્કાળ ,,
દેવાનંદ કહે નવ જાણ્યા નાથરે, મળ્યો મનુષ્યનો દેહ વિશાળ ,,

પદ ૪૩.

પ્રભુજીએ ધાર્યું હોય તે થાય; ડાહાપણ કોઇનું કામ ન આવે (બેવાર
કરોને કોટી ઉપાય હાંરે હાંરે કરોને. પ્રભુજી.
ભીમ, અરજુન, સહદેવ, નીકુળ, પંચ ધર્મ કહેવાય
એ પાંચેનાં દેખતાંજીરે, સતી તે કેમ લુંટાય પ્રભુજી.
રામ જેવા સત પુરૂષ કહીએ, ને તે પણ વનમાં જાય.
સતી સીતાને કલંક ચઢાવ્યો, તો રાવણ શીર રોળાય. પ્રભુજી.

પદ ૪૪.

વાલા વેગે આવોરે દયા દીલ લાવોરે, ભીડ મારી ભાગવા.
નહિં આવો તો વાલા છાના ઉઘાડું બધા છીદ્ર હો વાલા

સાખી.

આહેરડામા ઉછર્યા ગોવાળીઓ હો દાસ.
ઓઢી કાળી કામળી, માગી પીતોજ છાશ; હું રાખું રહેમથી દાવોરે
ભીડ મારી ભાગવાહોજી. ... ...વાલા વેગે. (૧)
બે માના બે બાપના નકટા નીર્લજ બાળ,
મહી માખણના ચોરટા કંશ તણા હે કાળ;
ધીરા વેગે ધાવોરે–ભીડ મારી ભાગવા. વાલા વેગે (૨)

પદ ૪૫

ભજલે રાધે સ્યામ, મુરખ મન ભજલે રાધે સ્યામ.
શું બની રહ્યો ગુલતાન, મુરખ મન ભજલે વારંવાર. ટેક
ગર્ભવાશમાં કોલ કરીને, તું નીકળ્યો જનુની દ્વાર.
તે દિવસ શું ભુલી ગયો, કેમ થઇ ગયો ગમાર; મુરખ (૧)
રામ નામનો મંત્ર જપો યારો, આખર આવે એ કામ;
ઘડી પલકમાં જાતા રહીશું, નહિ રહીશું આ ઠામ, મુરખ (૨)
ઘરની જોરૂ સહાય ન છોડુ, મુરખ કરે વિચાર;
ઘડી પલકની ખબર નથીને, જમનો ખાશો માર, મુરખ (૩)
પાઘડી અધઘડી બચાવીને, કરો ભજન આ વાર;
તો તમો ભવસાગર તરશો, ખરી એ તરવાર, મુરખ (૪)
જે પ્રાણી ગફલતમેં રહેશે, પડે નરકકે દ્વાર;
દાસ જે રામ એમ કરી કહે છે, તારનહાર કીરતાર; મુરખ (૫)

ધુન.

જયજય નારાયણ પરમેશ, વંદુ ચરણ તમારે શેષ.
જયજય નારાયણ માબાપ, ટાળો ભકતના પરિતાપ.
ધનધન સવરી બાઇનાં બોર, ભાવે ખાધાં નંદકીશોર.
જયજય દ્વારકાં વાશી, ડાકોર કીધું છે કાશી;
સાગર ગોમતીમાં નાહીએ, તેનાં ચરણામૃત લઇએ;
ધનધન ગંગાબાઇની વારી, સવા વાલ થયા વનમાળી;
ગળામાં મોતનકી માળા, નાગર નટવરજી લાલા;
જયજય નર્મદા મઇઆં, જય જય ગંગા જમનાં આં;

જયજય જમના જાઈઆં, જયજય ગોદાવરી મૈયાં;
જયજય નદીઆં સરવે, કે એનાં દર્શન લઈએ;
હરહર મહાદેવ શંભુ. કે હરહર મહાદેવ યોગી;

થાળ.

જમો જમોરે મારા જીવન જુગતે, ભોજનીઆં રસ ભરીઆંરે;
પાક શાક તમ સારૂં પ્રીતમ, કોડે કોડે કરીઆંયે. જમોજમો.
તળીઆં ગળીઆં તાજા તાતાં, કાનક થાળીમાં ધરીઆંરે.
આરોગો મારા નાથ અલૌકિક, દુધ ઝાઝાં ઘેબરીઆં. જમો.
કઢી વડી કારેલાં કાજુ, રાઈ તણું દઈથરીઆંર;
જોઈએ તો ઉપરથી લેજો, મિઠું જીરૂ મરીઆંરે જમો.
બ્રહ્માનંદના નાથે સીરાવ્યાં, દુધ ભાત સાકરીઆંરે,
ચળુ કર્યું હરી તૃપ્ત થઈને, નીરખી લોચન કરીઆંરે. જમો.

થાળ.

મારે ઘેર આવજો માવા, કઢીને કુરીઓ ખાવ.;
જાર બાજરીના રોટલા કર્યાને, ઉપર વેગણનું શાક. ટેક.
મગ ઝાલરના બાકરા તો તે, ઉભા ઉભા ફાક. મારે ઘેર.
ઘઉં લાંગની ધાણી સેકીને, કર્યા ગામડીઆ ચાલ;
હરજી મારા હળવે આવો, ઘણો છે આપને વહાલ. મારે.
ગામડીઆને ગરીબ છીએ, છીએ તમારા દાશ;
હરજી મારા વેગળા ન કરશો, રાખો તમારી પાશ. મારે.
તાજી તાજી છાશ ઘરીછે ને, પીજો હેત કરી;
ગોકુળમાં તમે ગોપીઓ સાથે, પીધી આનંદ ભરી. મારે.

આવતું ભોજન કરી લોને, ઉપર કરાવું મુખવાસ;
બીડી તમાકુનો મહાવરો હમને, કહેછે જેરામદાશ. મારે.

આરતી. દશ અવતારની.

જયદેવ, જયદેવ, જય જાદવરાયા, જય માધરાયા;
આરતી કરીએ કરૂણા નંદની, વ્યાપે નહીં માયા. જયદેવ.
પ્રથમ મચ્છા અવતાર ધરી, માર્યો શંખ્યાશુર પાપી; (૨)
ચતુરાનંદન દેવ, (૨) વેદ વિપ્રને આપી. જયદેવ.
બીજે શુર ને અશુર, સાગર મથવાને કાજે; (૨)
વિધ્યાચળ વૃક્ષાચલ વ્યાપો, (૨) વાર્યો કૌરવ મહરાજે. જય
ત્રીજે હીરણાક્ષપ અવતાર, દમતો પૃથ્વીને પાપી; (૨)
દાઢ ગૃહી લાવ્યા વારાહર. (૨) અવની સ્થીર કરી સ્થાપી. જય
ચોથે નરસીંહ અવતાર, પ્રહલાદ પોતાના જાણી; (૨)
નખે કરી વિધાંર્યા નરહર, (૨) નરસીંહના સ્વામી. જયદેવ.
પાંચમે અતિ બળીયો બળદેવ, જેથી શુરપતી કાંપે; (૨)
વામન રૂપ ધર્યું મહારાજે, બળીને પાતાળે ચાંપે. જયદેવ.
છઠ્ઠે ફરસરામ અવતાર, ફરસી હાથમાં લીધી; (૨)
શહસ્ત્ર અર્જુન મારીકરીને, પૃથ્વી નક્ષત્રી કીધી. જયદેવ.
સાતમે રઘુવંશી અવતાર, આંનંદ કૌશલ્યા પામી; (૨)
પંચવટીમાં રમ્યા રામ, સીતાના સ્વામી. જયદેવ.
આઠમે શ્રી કૃષ્ણ અવતાર, ગોકુળ ગૌધેનો ચારી; (૨)
ગોપ ગોવાળા રાખ્યા વનમાં, ગોવરધન ધારી. જયદેવ.
નવમે બુદ્ધા અવતાર, પાપ અવનીપર વાધ્યોરે; (૨)

ધ્યાન ધરી બેઠા ધરણીધર, જુગરે જુગ સાંધ્યો. જયદેવ.
દશમે કલંકી અવતાર, પૃથ્વી ન કલંકી થાસે; (૨)
મલેચ્છને મારીને, મહાદેવ-સેવક સુખ ધરશે. જયદેવ.
આ દશે અવતારની આરતી, જે કોઇ ભાવ કરી ભજશે; (૨)
પ્રત્યક્ષ દેવ સદાશીવ સંભુ, જનમ જનમનાં પ્રાયશ્ચિત હરશે. જય

મંગળાચરણ.

૧

સમરૂં ગણુપતિ, રિદ્ધી સિદ્ધીના પતિ;
નમીએ, વંદીએ, પ્રેમધરીને, આપો શુભમતિ. ટેક.
એકજ દંતો દયાજવંતો, ગુણુ તણો આધાર;
રાજા પ્રજા પાયે લાગે, વધાવે સંસાર. સમરૂં.
શીશ ઉપરતો સીંદુર બિરાજે, ગલે પુલનકોહાર;
ઉદર ઉપર સૂઢ સોભે, ઝાંઝરનો ઝમકાર. સમરૂં.
એક હાથમાં પાંચજ લાડું, બીજે બીજે ફરશી ધાર;
ત્રીજા કરમાં ઝાલ્યું કમંડળ, ચોથે જય માળ. સમરૂં.
રિદ્ધી ઉભી કરે સ્તુતિ, સિદ્ધી કરે નમસ્કાર;
તેત્રીસક્રોડ દેવ પ્રેમે પુજે, દેવોનો સરદાર. સમરૂં.
પહેલી પુજા નારણુદેવની, વિવેકનો વિસ્તાર;
કહે સેવક શુભ કામે સમરો, મંગળનો કરનાર. સમરૂં.

૨

જય જય ગણુપતિ દેવા, સૌ કરે તમારી સેવા;
પાર્વતીછે માતા તમારી, પીતા શંકર દેવા.

લક્ષ લાભ બે પુત્ર તમારાં, કરે સિદ્ધી બુદ્ધિ સેવા. જય.
કેશર કસ્તુરી તીલક લલાટે, તેલ શીદુરની સેવા;
પાન ફુલ પુજનમાં આવે, જમવા મીઠા મેવા. જય.
મુગટ છે માથે કાને કુંડળ, કંઠે હાર છે દેવા;
હેમ કડાં કરમધે સોભે, ધુપ આરતિ દેવા. જય.
મનુષ્ય સરવે પ્રથમ પુજે, પુજા કરે સૌ દેવા;
કરજોડીને કહે હરીજન, પધારો દરશાન દેવા જય.

૩

ગજાનન તુ ગણુપતિ, વિધ્નહરા મંગળ મુરતી;
સિદ્ધી બુદ્ધી કેરા પતિ, ગવરી પુત્ર ગણુપતિ.
મંડળને આપો શુભમતિ, જીભે વસો મા સરસ્વતિ;
ઉંઘ આળસ ન આવે રતી, ભજન કરવાને હોમતિ.
ગણુપતિરે ગણુપતિ, બ્રહ્માની પુત્રી સરસ્વતિ;
ગણુપતિ ને સરસ્વતિ, હરીજન કેરી છે વિનંતી.
ગજાનના તું ગણુપતિ, વિઘ્નહરા મંગળ મુર્તિ;
ગણુપતિ ગણુપતિ, ગણુપતિ ગણુપતિ

૪

જય લક્ષ્મીપતિ, તારી કરૂં હું વિનંતી;
શુભ કાર્ય કરવાને, આપો શુભ મતિ. ટેક.
ગરૂડ છે વાહન તમારૂં, અર્ધાંગે કમળાય;
દક્ષિણુ ત્રીકમ બિરાજે, અદ્ભુત તમારી કાય. જય.
મોર મુગટને મુખપર મોરલી, તમે છો મોટા દેવ;

સરવ ભકતોને પરસન થાઓં, જે કરે તમારી સેવ. જય.
કમળ નયન ચંદ્ર સરખું, કોટી કામ સ્વરૂપ;
સરવે ભકતની અરજ સાંભળો, ચૌદ લોકના ભુપ. જય.
ચત્રુભુજ છો છેલ છબીલા, રૂપાળા રણછોડ;
જે જન તારૂં સ્વરૂપ નીરખે, તેના પુરે કોડ. જય.
રાવણ કુળ સંહારજ કીધો, થઇ દસરથના બાળ;
સરવ ગુણ સંર્પુણ તુજમાં ભકતોના પ્રતિપાળ. જય.
હીંર્ણકિશ્યપને સંહારીને, તમે ઉગાર્યો પ્રલ્હાદ;
સ્થંભ ફોડી પ્રભુ પ્રગટ થયા, ત્યાં નરસીંહજી મહારાજ. જય
બોડાણાની ભકિત માટે, આવ્યા ડાકોર ગામ;
સવાવાલની વાળીએ, તોળાયા સુદર શ્યામ. જય.
રણછોડજી મહારાજ પધારી, કરજો અમને સહાય;
કરજોડીને સરવે ભકતો, ગુણ તમારા ગાય. જય.
કુમતિ કાપી સુમતિ આપો, થાય પુરણ કામ;
સેવક જયકીશન હમારો, નંદપુર મુકામ. જય.

૫

ભજન બડી તરવાર રાધે ગોવિંદા-એ રાગ.

જામ્બુદ્વીપ મોઝાર, માધવ મુકુંદા;
કિરપા કરી મોરાર, માધવ મુકુંદા.

આપ્યો મનુષ્ય દેહ, મા. મળવો દુર્લભ તેહ; મા.
તે માટે કહુંછું સાર, મા. આ ભજન કરી વિસ્તાર. મા.

જે સુરતી છે સંસાર, મા. તે માયામાં નિરધાર. મા.
જ્યાં દોડે ત્યાં ગુચવાઈ, મા નહિ ગુરૂ વિના ગમપાઈ. મા.
સતૂગુરૂનો લાગે રંગ, મા. મોક્ષ થાશે રામસંગ. મા.

૬

એક હતી મુસાફર ઘેલીરે સુણુજો સાહેલી એ રાહ.
બુદ્ધિ મનસુખાને આવી મળીરે સાંભળો વરનારી.
ત્યાં વિવેક રહ્યો બોલીરે શિક્ષા છે સારી.
એવે વિચાર આવીને બેઠોરે, સાં.
સાથે સંતોષ ગુણુ તો પેઠોરે શિ.
જોઇ સમો વિવેક વિચારીરે, સાં.
છે સુરતા આપણી કુંવારીરે. શિ.
સુણી ચિત્તમાં બોલ્યું છે વાણીરે, સાં.
શોધી લાવો અખંડ વર જાણીરે. શિ.
મળી સનમુખ છએ ચાલ્યાંરે, સાં.
સંસાર નગરીમાં જઈ મહાલ્યાંરે. શિ.
જોયા સંસારી લોક બહુ ખોટા, સાં.
બોલે શબ્દ તે મુખે મોટારે. શિ.
અખંડ વર કયાં ઘાલી મુકયોરે, સાં.
કરી ભજનને હું તો કામ ચુકયોરે. શિ.
વળી કહે બીજો વાત જુઠીરે, સાં.
માટે સમજીને વારજો મુઠીરે. શિ.

ત્રીજો કહે જુઠે જુઠું ચાલેરે, સાં.
ખાલી ખોટી શીખ શીદ આલેરે. શિ
એક પછી એક બોલી જાયરે, સાં.
એતો પંખો પંખ દેખ યરે. શિ.
થોડું ઘણું એમાનું છે સાચુરે, સાં.
વણ સમજ્યા વિનાનું ઇ કાચું. શિ.
કરી વિચારને હું તો થાકયોરે, સાં.
શ્વાસે શ્વાસમે રૂંધી રાખ્યોરે. શિ.
ઉંડી દૃષ્ટિ ઉતારીને જોયુંરે, સાં.
ન્યારી વસ્તુમાં ચીત્તના પ્રોયુંરે. શિ.
ઘાલી હરીવર કયાં મુકયોરે, સાં
ઠાલી ગાઇને સંખ શીદ પુકારે. શિ.
તમે એકીલા પાવન થાજોરે, સાં.
હાંરે વિમાનનો ઝાલી જાજોરે. શિ.
એવી સંસારની વિધ વિધ વાણીરે, સાં.
વિવેક વિચારે લીધી જાણીરે. શિ.
જઇ એકાંન્તે છએય બેઠારે, સાં
સમજી શાસ્ત્ર નગરી પેઠારે. શિ
શાણા શાસ્ત્રના લોક ઠગારારે, સાં.
શબ્દ સુણાવે ન્યારા ન્યારે. શિ.
કહે શાસ્ત્ર નારાયણ કેવુંરે, સા.
રામ સંગને સંભળાવે એવુંરે. શિ.
